Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

**Shree Atmanand Prakash**



**श्री आत्मानंद प्रकाश**

ज्ञानस्य भक्तेस्तपसः क्रियायाश्च प्रयोजनम् ।
शोधनाच्चित्तवृत्तीनामात्मकल्याणसाधनम् ॥

જ્ઞાન, ભક્તિ, તપ અને ક્રિયા એ બધાનું એકમાત્ર પ્રયોજન
ચિત્તની વૃત્તિઓના સંશોધન દ્વારા આત્મકલ્યાણ સાધવું એ જ છે.

The sole object of knowledge, devotion, austerities and religious rites, is the achievement of spiritual well-being through the purification of mind.

| | | |
|---|---|---|
| પુસ્તક : ૯૩ | વૈશાખ-જેઠ | આત્મ સંવત : ૧૦૦ |
| 卐 | 卐 | વીર સંવત : ૨૫૨૨ |
| અંક : ૭-૮ | મે-જુન : ૯૬ | વિક્રમ સંવત : ૨૦૫૨ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | ગુરુદેવને ભૂલશો નહીં (કાવ્ય) | — | ૩૭ |
| (૨) | સત્. ચિત્ અને આનંદની ઓળખ | અનુ : ડો. કુમારપાળ દેસાઈ | ૩૮ |
| (૩) | ભાવનગરમાં આચાર્યપદ–દિક્ષા આદિ મહોત્સવની ભવ્ય ઉજવણી | — | ૪૧ |
| (૪) | પૂ. આત્મારામજી મહારાજાના વિરલ વ્યક્તિત્વની આછેરી ઝલક | — | ૪૩ |
| (૫) | સ્વ. પૂ. આત્મારામજી મહારાજના ચાતુર્માસ | ટાઇટલ પેજ | ૩ |


## આ સભાના નવા આજીવન સભ્યશ્રીઓ

| | |
|---|---|
| શ્રી રસીકલાલ ચુનીલાલ શાહ | ભાવનગર |
| શ્રી રજનીકાંત છોટાલાલ ભાવસાર | ભાવનગર |
| શ્રી પંકજકુમાર હર્ષદરાય શાહ | ભાવનગર |
| શ્રી કિરીટકુમાર રમણીકલાલ મહેતા | ભાવનગર |
| શ્રી ચંદ્રકાંતભાઈ માનચંદ શાહ | ભાવનગર |

## ⊠ જૈનનું પ્રામાણિકપણું ⊠

એક દિવસ સાંજે શ્રીમદ્ વાળુ કરીને શેઠ ત્રિભુવનદાસ ભાણુજી સાથે મુંબઇના ચર્ચ ગેઇટ વિસ્તારમાં આવેલા બેન્ડ–સ્ટેન્ડ તરફ ફરવા ગયા હતા.

ત્યાં ફરતાં ફરતાં કેટલીક ધર્મ ચર્ચા થયા બાદ ત્રિભુવનદાસભાઇએ પ્રશ્ન પૂછયો :

' એક જૈનનું પ્રામાણિકપણું કેવું હોવું જોઇએ '

તેમના ઉત્તરમાં શ્રીમદ્દે નજીકમાં આવેલી મુંબઇની હાઇકોર્ટનો ઉંચો બૂરજ બતાવીને કહ્યું :

' પેલી દૂર જે હાઇકોર્ટ દેખાય છે, તેની અંદર બેસનાર જજનું પ્રમાણિકપણું જેવું હોય તેના કરતાં એક જૈનનું પ્રામાણિકપણું ઓછું તો ન જ હોવું જોઇએ, મતલબ કે એનું પ્રામાણિકપણું એટલું બધુ વિશાળ હોવું જોઇએ કે તે સંબંધી કોઇને શંકા પણ ન થવી જોઇએ એટલું જ નહિ પણ તે અપ્રમાણિક છે એમ કોઇ કહે તો સાંભળનાર એ વાત સાચી પણ ન માને, એવું તેનું પ્રામાણિકપણું એટલે કે એક સાચા જૈનનું પ્રમાણિકપણું '

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી. આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ

# ગુરુદેવને ભૂલશો નહીં

( ભૂલો ભલે બીજું બધું.... )

ભૂલો ભલે બીજું બધું, ગુરુદેવને ભૂલશો નહીં;
અનંતના છે ઉપકાર એના, એ કદિ ભૂલશો નહીં.

ભટકયા અનંતા ભવ માંહે, ત્યારે મળ્યું માનવપણું;
એ ગુરુદેવના ઉપકારને, માનવ બની ભૂલશો નહીં.

ઉપદેશ મુખેથી અર્પિયા, માનવ બની ઉરે લહ્યા;
અમૃત વાણીના દેનારની સામે, ઝેર ઠાલવશો નહીં.

જ્ઞાન દાન અર્પીને, સમજ કરાવી સ્વધર્મી તણી;
જ્ઞાન દાનના દેનારની, આજ્ઞા કદિ ઉલંઘશો નહીં.

ધન કમાતા હો ભલે, સ્વામિપણું ધરશો નહીં;
ધન, વૈભવ, લક્ષ્મીમાં, મમપણું કરશો નહીં.

સેતાન મટી માનવ બનો, અધમ કૃત્યો કરશો નહીં;
જે કરે તે ભોગવે, એ વાત કદિ વિસરશો નહીં.

લાખો ખરચતાં મળશે બધું, પણ સત્સંગીઓ મળશે નહીં;
'સોહમ્' સત્સંગીઓનો, સમાગમ કરવો ભૂલશો નહીં.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સત્, ચિત્ અને આનંદની ઓળખ

: પ્રવચનકાર :
**યુગદૃષ્ટા આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી**
: અનુવાદક :
**શ્રી કુમારપાળ દેસાઇ**

દુનિયાના તમામ ધર્મો કોઇને કોઇ રૂપે આત્માને માને છે આત્માની વ્યાખ્યા અને વર્ણનમાં ભલે મત-મતાંતર હોય પણ તેના અસ્તિત્વના સ્વીકારમાં કોઇ મતભેદ નથી. બધા ધર્મો આત્માની સત્તાને સ્વીકારે છે. એટલું જ નહીં. પણ બધા ધર્મો આત્માને ઓળખ્યા વગરની બધી સાધનાને રાખ પર લીંપણ કરવા સમાન વ્યર્થ માને છે. ગુજરાતના આદિ કવિ નરસિંહ મહેતા કહે છે....

"જ્યાં લગી આતમાતત્વ ચીન્યો નહીં, ત્યાં લગી સાધના સર્વ જૂઠી"

"જ્યાં સુધી સાધક આત્મતત્ત્વને જાણી લેતો નથી, ત્યાં સુધી બધી સાધના મિથ્યા છે."

એક બાજુ આસ્તિકો આત્મતત્ત્વને ઓળખવાની વાત કરે છે, તો બીજી બાજુ પંચભૂતોથી બનેલા શરીર સિવાય આત્મા જેવી અન્ય કોઇ અલગ વસ્તુ નથી, તેમ માનનારા નાસ્તિકો છે.

શરીર કે અન્ય કોઇ રૂપમાં આત્માના અસ્તિત્વનો ઇન્કાર કરનારા આધુનિક ભૌતિકવાદીઓ એમ કહે છે કે આત્મા-પરમાત્મા એ બધાં તો ઢોંગ-ધતીંગ છે. જ્યાં આત્મા જ નથી, ત્યાં એને ઓળખવાની જરૂર શી? આ માન્યતા ધરાવનારાઓ માટે આત્માને વિવિધ પ્રમાણોથી સિદ્ધ કરવો અનિવાર્ય બને છે. આસ્તિકોને માટે પોતાને સમજવા અને આત્મા તથા એની શક્તિઓને પારખવા માટે પણ આત્માને સિદ્ધ કરવો જરૂરી છે.

**વિભિન્ન પ્રમાણ :**

પ્રાચીન નાસ્તિકો કહે છે કે આત્મા નામની કોઇ ભિન્ન વસ્તુ નથી, આ શરીર જ આત્મા છે. જેવી રીતે ઘડિયાળના જુદાં જુદાં ભાગોને યોગ્ય રીતે જોડવાથી તે ટક્ ટક્ અવાજ કરતી ચાલે છે, એ જ રીતે પૃથ્વી, જલ, અગ્નિ. વાયુ અને આકાશ આ પાંચ ભૂતોના મળવાથી આ શરીર બન્યું છે. સ્પર્શેન્દ્રિયથી અનુભવ કરનાર અને જીભથી પંચભૂતોના સ્વાદનો અનુભવ કરાવનાર કોણ છે? જો આંખ, કાન, નાક, જીભ અને સ્પર્શેન્દ્રિયમાં પોતાનામાં જ આ બધો અનુભવ કરવાની શક્તિ હોય તો મૃત શરીરમાં રહેલી ઇંદ્રિયો આ અનુભવ-સંવેદન કેમ નથી કરી શકતી?

આનાથી એ સિદ્ધ થાય છે કે એ પંચભૂતોનો અને ઇંદ્રિયોના વિષયોનો દૃષ્ટા કે સંવેદનકર્તા કોઇ ભિન્ન તત્ત્વ છે. શરીર ખુદ એ બધી બાબતોનું કે ઇંદ્રિય-વિષયોનું દૃષ્ટા કે સંવેદન અનુભવનાર હોય તો મૃત શરીર પણ અવશ્ય દૃષ્ટા, જ્ઞાતા અને સંવેદન અનુભવનાર હોય. પરંતુ એમ તો થતું નથી. આથી અંતે એમ માનવું પડશે કે આ દૃશ્યોને જોનાર, જાણનાર અને સંવેદન અનુભવનાર અન્ય કોઇ તત્ત્વ છે અને તે આત્મા છે.

માંસ અને રક્ત જેવી રીતે જીભમાં છે, તેવી રીતે હાથમાં પણ છે પાંચેય ભૂત જેવી રીતે જીભમાં છે તેવી રીતે હાથમાં પણ છે, તો પછી એવું કયું કારણ છે કે ખાટો, મીઠો

For Private And Personal Use Only

વગેરે સ્વાદનો અનુભવ માત્ર એકલી જીભ જ કરે છે. હાથ કેમ નથી કરતા? જ્યારે હાથ અને જીભ બંને શરીરના અવયવ છે અને બંનેમાં પંચમહાભૂત સમાન છે. આ ભિન્નતા એ બતાવે છે કે દેહથી ભિન્ન એવું બીજું કોઇ તત્ત્વ છે, જે આ બધાનું સંચાલન કરે છે. જો દેહ અને ઇંદ્રિયો જ એનું સંચાલન કરતી હોત, તો મૃત શરીર અને એ શરીર સાથે સંબંધિત ઇંદ્રિયો કેમ સંચાલન નથી કરતી?

તમે અહીંયા વ્યાખ્યાન સાંભળવા બેઠા છો, પરંતુ કાનમાં આંગળીઓ નાખીને અને આંખો વધુ પહોળી કરીને વ્યાખ્યાન સાંભળવા ઇચ્છો તો શું સાંભળી શકશો? આંખો જોવાનું કામ કરે છે અને કાન સાંભળવાનું, પરંતુ આ વ્યવસ્થાને ઊલટાવી દેવામાં આવે તો? એટલે કે આંખો બંધ કરીને કાન પાસે જોવાનું કામ કરાવવામાં આવે તો કોઇ વસ્તુ જોઇ શકાશે નહીં. એ રીતે જો કાનમાં આંગળીઓ નાખીને, આંખો પાસે સાંભળવાનું કામ લેવામાં આવે તો તમે સાંભળી નહીં શકો. જે ઇંદ્રિય જે કાર્ય માટે છે તે જ કાર્ય તેનાથી થઇ શકે છે, બીજું નહીં.

## ઇંદ્રિયોનો રાજા : આત્મા

હું સુખી છું કે હું દુઃખી છુ એવું જ્ઞાન શું આંખ વગેરે કોઇપણ ઇંદ્રિયને થાય છે? ના. આ જ્ઞાન તો આ બધી ઇંદ્રિયોના રાજા આત્માને જ થાય છે. હકીકતમાં વાત એવી છે કે, સાંભળવા, જોવા, સુંઘવા, ચાખવા સુખ-દુઃખ કે ઠંડી-ગરમીનો અનુભવ કરનાર કોઇ બીજું જ છે. કાન, આંખ વગેરે તો સુંઘવા, ચાખવા વગેરે કાર્ય માટેનાં ઉપકરણ ( સાધન ) છે. તે સાંભળવાવાળો, જોવાવાળો, સુંઘવાવાળો, સુખ-દુઃખ, ઠંડી-ગરમી વગેરેનો અનુભવ કરવાવાળો આત્મા છે.

જો ઇંદ્રિયો જ આ કામ કરી શકતી હોત તો તે મૃત અવસ્થામાં કેમ નથી કરતી? કોઇ પ્રશ્ન કરે કે તમે શરીરથી ભિન્ન એવા આત્માને આ બધાનો જ્ઞાતા-દ્રષ્ટા કહો છો, તે દેહની મૃત અવસ્થામાં જોવા, સાંભળવાનું કામ કેમ નથી કરતો? તેનો ઉત્તર સ્પષ્ટ છે કે એ સમયે મૃતકનો આત્મા શરીરમાંથી નીકળીને અન્યત્ર ચાલ્યો જાય છે, જ્યાં મૃતકને કર્મ અનુસાર યોનિ મળે છે.

જો કોઇ એમ કહે કે દરેક ઇંદ્રિય પોતાનું નિયત કાર્ય જ કરી શકે છે અને તેનાથી બીજી ઇંદ્રિયનું કાર્ય નથી થઇ શકતું. આમ ઇંદ્રિયોથી જ કામ ચાલતું હોય, તો આત્માને માનવાની શી જરૂર? આનો ઉત્તર અગાઉ આપ્યો છે, તેમ છતાં પાંચ ઇંદ્રિયોથી ભિન્ન આત્મતત્ત્વને અલગ માનવાની વાતને ઉદાહરણથી સ્પષ્ટ કરું.

ધારો કે તમે પાપડ ખાવ છો. આ સમયે જીભ તેનો સ્વાદ જાણી રહી છે. નાક તેની સુગંધનો અનુભવ કરી રહ્યું છે. આંખો તેનો આકાર જોઇ રહી છે. કાન તેનો ચર્ચર-થવાવાળો શબ્દ સાંભળી રહ્યો છે અને હાથ તેના સ્પર્શનો અનુભવ કરી રહ્યો છે. ઇંદ્રિયોના આ પાંચે વિષયોનું સમ્મિલિત જ્ઞાન તો કોઇ પણ એક ઇંદ્રિયને થવું અસંભવ છે, કારણ કે એક ઇંદ્રિય માત્ર પોતાના જ નિયત વિષયને જાણી કે અનુભવી શકે છે.

જો એક જ ઇંદ્રિય રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ આ પાંચેય વિષયોને જાણી શકે તો પાંચેય ઇંદ્રિયોને જુદી જુદી બનાવવાની જરૂર શી હતી? આ જ કારણ છે કે આ પાંચેય ઇંદ્રિયોએ ગ્રહણ કરેલા વિષયો પાંચ ઇંદ્રિયોના સિવાય જે જાણે છે તે તમારો જ્ઞાતા-દ્રષ્ટા આત્મા જ છે, જે એક સાથે આ પાંચેય ઇંદ્રિયોના વિષયોનું ગ્રહણ અને અનુભવ કરે છે.

એક બીજું ઉદાહરણ જોઇએ.

તમે મારા વ્યાખ્યાનના શબ્દોને સાંભળો છો, એના એ જ શબ્દો હંમેશા તો બોલી શકાય

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહીં વ્યાખ્યાનનાં શબ્દો પાછળથી તમને યાદ રહે છે કે મહારાજે આજે વ્યાખ્યાનમાં અમુક વાત કહી હતી.

હું તમને પૂછું છું કે વ્યાખ્યાનના શબ્દો કાલાન્તરે યાદ કરાવનાર કોણ? શું શબ્દોને સ્મરણમાં રાખતી કોઇ છઠ્ઠી ઇંદ્રિય છે? એ જ રીતે તમે મારો ચહેરો જોયો. જો હું મહિના–બે મહિના પછી તમારે ત્યાં આવું તો તમે મારા ચહેરાને યાદ કરીને મને તરત જ ઓળખી જશો. આ બધું સાંભળવું અને જોવું એ કોને યાદ રહે છે? તમારા શરીરમાં બિરાજમાન જ્ઞાતા–દૃષ્ટા, અવિનાશી, ચિદાનંદ આત્માને જ આ બધું સ્મરણ રહે છે, એટલે પાંચે ઇંદ્રિયોથી જૂદું, જોયેલી–સાંભળેલી વાતોને યાદ રાખનાર આત્મા નામના તત્ત્વને માન્યા વિના છૂટકો જ નથી.

એક સ્ત્રી વસ્ત્ર અલંકારથી સુશોભિત બનીને કોઇ સગાને ત્યાં જઇ રહી છે. રસ્તામાં એના પુત્રએ તેને જોઇને પૂછયું, "મા કયાં જાય છે?" કોઇ કામીને તેને જોઇને કામબુદ્ધિથી પ્રેરિત થઇને તેની છેડતી કરવાનું સૂઝે છે. એટલામાં એક સંતે તેને જતી જોઇ, તો તેને વિરક્ત ભાવથી જોઇને આગળ વધી ગયા.

એક જ દૃશ્યને ત્રણ વ્યક્તિઓએ જોયું અને ત્રણેને જુદા જુદા ભાવ જાગ્યા. આ ત્રણેને અલગ-અલગ બુદ્ધિ આપનાર કોણ? આત્મા જ ભિન્ન ભિન્ન બુદ્ધિ આપે છે. જોવાનું કામ ભલે એક ઇંદ્રિય–નેત્ર એ કર્યું હોય, પરંતુ વિભિન્ન પ્રકારના સંવેદનનું કામ કરનાર તો આત્મા જ છે અને તે તમામમાં જુદો જુદો છે.

(ક્રમશઃ)

# ડૉ. કુમારપાળ દેસાઈનું એન્ટવર્પમાં અભિવાદન



બેલ્જિયમના એન્ટવર્પ શહેરની જે. સી. સી. એ સંસ્થા દ્વારા લાર સ્ટ્રીટમાં આવેલા વિશાળ હોલમાં ડૉ. કુમારપાળ દેસાઇના પ્રવચનો યોજાયા હતા. આમાં સંસ્કૃતિ, ધર્મ, પર્યાવરણ અને આવતી સદીના સમાજને અનુલક્ષીને વિવિધ વિષયોની છણાવટ કરી હતી. આ પ્રસંગે એન્ટવર્પના ભૂતપૂર્વ ગવર્નર અને સ્ટેટ મિનિસ્ટર શ્રી કિંગ્સ બર્ગને તેઓનું અભિવાદન કર્યું હતું અને પ્રસિદ્ધ ઉદ્યોગપતિ શ્રી વિજય શાહે શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું. આ તબક્કે યોજાયેલા જિનમંદિર અને ઉપાશ્રયના શિલાન્યાસના કાર્યક્રમમાં એન્ટવર્પના મેયર તથા વર્તમાન ગવર્નર ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રવાસ દરમ્યાન ઇન્ટરનેટ અને મલ્ટિ મીડીયા પર જૈન ધર્મ અને જૈનદર્શન મૂકવાના કાર્યક્રમને આખરી સ્વરૂપ આપવામાં આવ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભાવનગર શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના ઉપક્રમે દાદાસાહેબ જૈન દેરાસરના વિશાળ પટ્ટાગણમાં આચાર્યપદ પ્રદાન, દીક્ષા આદિ મહોત્સવની ભવ્ય ઉજવણી

પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મ. સા., પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજયકુંદકુંદસૂરીશ્વરજી મ. સા., પૂ. પં. શ્રી શીલચંદ્રવિજયજી મ. સા. આદિ સાધુ-સાધ્વીજી મહારાજોની શુભ નિશ્રામાં ભાવનગર મધ્યે દાદાસાહેબ જૈન દેરાસરના વિશાળ પટ્ટાંગણમાં ગત તા. ૩૦-૧-૯૬ થી તા. ૩-૨-૯૬ દરમ્યાન કુ. નીપાબેન અરવિંદભાઇ મહેતા ( ઘેટીવાળા ) ની ભાગવતી પ્રવ્રજ્યા, પ. પૂ. પંન્યાસ શ્રી શીલચંદ્રવિજયજી મ. સા.ના આચાર્યપદ પ્રદાન મહોત્સવ, વિવિધ પૂજનો તથા પુસ્તક વિમોચન કાર્યક્રમ આદિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

આ શાસન પ્રભાવક મહોત્સવને અનુલક્ષીને શેઠ શ્રી શ્રેણિકભાઇ કસ્તુરભાઇ શેઠ, મનુભાઇ ઘડીયાળી, જીતુભાઇ પંડિત, છબીલદાસ, વસંતભાઇ આદિ મુંબઇ, અમદાવાદ, બેંગલોર વગેરે સ્થાનોએથી વિશાળ ભાવિક વર્ગ ઉપસ્થિત રહ્યો હતો. ભાવનગરના અગ્રણીઓ શ્રી મનમોહનભાઇ તંબોળી, સૂર્યકાંતભાઇ, ખાંતિભાઇ, કિરીટભાઇ, દીનુભાઇ શાહ આદિ આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

મહોત્સવ નિમિત્તે દાદાસાહેબ દેરાસરના વિશાળ પટ્ટાંગણને વિવિધ સુશોભનોથી શણગારવામાં આવ્યો હતો. સુંદર પુસ્તક પ્રદર્શન તથા પૂ. સાધ્વીજી મહારાજો દ્વારા જ્ઞાન પ્રદર્શનનું આયોજન મેરુ ઉદ્યાનમાં કરવામાં આવ્યું હતું, જેનો લાભ સકળ સંઘે ઉમળકાભેર લીધો હતો.

વર્ષીદાનના ભવ્ય વરઘોડાનું આયોજન શ્રી પ્રાર્થના જૈન યુવક મંડળ દ્વારા કરવામાં આવેલ, જેમાં અનેક પાઠશાળાના બાળક-બાલિકાઓએ વિવિધ વેશભૂષા, બે ગજરાજ, બહારગામથી તેમજ સ્થાનિક બેન્ડો આદિ દ્વારા શાસન પ્રભાવક આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષીદાનનો ભવ્ય વરઘોડો ભાવનગર સ્થિત મોટા દેરાસરેથી ચડી દાદાસાહેબના વિશાળ પટ્ટાંગણમાં ઉતર્યો હતો.

મહોત્સવ દરમ્યાન દરરોજ જુદા જુદા પૂજનો અને રાત્રીના ભાવનાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ જેમાં ભાવનગર ઉપરાંત બહારગામથી ગાયકો અને સંગીતકારોએ પધારી ભક્તિરસની રમઝટ બોલાવી હતી.

તા. ૩-૨-૯૬ના રોજ પૂ. પંન્યાસ શ્રી શીલચંદ્રવિજયજી મ. સા.ને આચાર્યપદ પ્રદાનથી વિભૂષીત કરવાના પ્રસંગે વિશાળ જનસમુદાય ઉપસ્થિત રહ્યો હતો. પૂ. આચાર્યશ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. સા., પૂ. આ. શ્રી કુંદકુંદસૂરીશ્વરજી મ સા આદિની શુભ નિશ્રામાં પૂ. પંન્યાસશ્રી શીલચંદ્રવિજયજી મ. સા.ને આચાર્યપદથી વિભૂષીત કરવામાં આવ્યા હતા. નૂતન આચાર્યશ્રીનું નામ પૂ. આચાર્ય શ્રી શીલચંદ્રસૂરીશ્વરજી મ સા. રાખવામાં આવેલ. આજ દિવસે કુ. નીપાબેનની ભાગવતી દીક્ષાનો ભવ્ય કાર્યક્રમ યોજાયેલ નૂતન સાધ્વીજીનું નામ સાધ્વી શ્રી નમિતાશ્રીજી મ. રાખવામાં આવેલ હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂ. પંન્યાસ શ્રી શીલચંદ્રવિજયજી મ. સા. લિખીત વિવિધ ગ્રંથોના વિમોચન પ્રસંગે ભાવનગરના આંગણે પધારેલા મહાન વિદ્વાનોનું બહુમાન કરવાનો એક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવેલ, જેનું દીપ પ્રગટાવી ભાવનગર જૈન સંઘના પ્રમુખ શ્રી મનમોહનભાઇ તંબોળી તથા અતિથિવિશેષ ડીસ્ટ્રીક એન્ડ સેશન જજ શ્રી શિરીષભાઇ ટોળીયાના શુભહસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતુ.

ગ્રંથ વિમોચનમાં વિદ્વાન શ્રી હરિવલ્લભ ભાયાણીના પ્રમુખસ્થાને પુસ્તક અનુસંધાન ૬નું વિમોચન શ્રી ચંપકભાઇ વગડા, છંદોનું વિમોચન શ્રી જયંતભાઇ કોઠારી, કૃપારસ કોષનું શ્રી હરિવલ્લભ ભાયાણી અને સુંદર ચિત્રાવલી "અમારી ઘોષણાનો દસ્તાવેજ"નું વિમોચન શ્રી પંકજભાઇ શેઠના શુભહસ્તે કરવામાં આવેલ ઉપરોક્ત બધા જ વિદ્વાનોનું બહુમાન ભાવનગર શ્રી સંઘના હોદ્દેદારો દ્વારા કરવામાં આવેલ. વર્ષોથી જૈન શાસનની ધાર્મિક શિક્ષકો તરીકે સેવા બજાવતા શિક્ષકો વેજલપુર નિવાસી શ્રી શાંતિલાલ ગુલાબચંદ, બોટાદના શ્રી મોહનભાઇ અને પાલીતાણાના શ્રી કપૂરચંદભાઇ માસ્તરનું પણ આ પ્રસંગે બહુમાન કરવામાં આવ્યું હતુ.

આચાર્યપદ પ્રદાન પ્રસંગે પૂ. આ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. સા., પૂ. આ. શ્રી કુંદકુંદસૂરીશ્વરજી મ. સા તથા નૂતન આચાર્ય શ્રી શીલચંદ્રસૂરીશ્વરજી મ સા ને શ્રી જૈન આત્માનંદ સભાના હોદ્દેદારો દ્વારા કામળી વહોરાવવામાં આવી હતી આ પ્રસંગે નૂતન આચાર્ય ભગવંત શ્રી શીલચંદ્રસૂરીશ્વરજી મ. સા.એ શ્રી ભાવનગર સંઘ તથા અહિંની અજોડ એવી ત્રણ મહાન સંસ્થાઓ જેવી કે શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, શ્રી જૈન આત્માનંદ સભા અને શ્રી યશોવિજયજી ગ્રંથમાળાનું સાહિત્યક ક્ષેત્રે કેવું બેનમુન પ્રદાન છે તેનો ખાસ ઉલ્લેખ કરેલ. આ સંસ્થાઓ દ્વારા જૈન જગતને સાહિત્ય ક્ષેત્રે અને સમાજને કેવાં મહાન ભેટો ધરી છે તેનો વિસ્તારથી ઉલ્લેખ કરેલ તેમાં પણ શ્રી જૈન આત્માનંદ સભાએ જે પૂ. મુનિ શ્રી જંબૂવિજયજી મ. સા દ્વારા બહાર પાડેલ ગ્રંથ શ્રી 'દ્વાદૃશારં નયચક્રમ' કે જે આજે સમગ્ર વિશ્વમાં ખૂબ જ કિંમતી ગ્રંથ છે તેની ભૂરી ભૂરી અનુમોદના કરેલ અને આ સંસ્થાઓ માટે દરેકને કંઇક કરી છુટવાની પ્રેરણા આપેલ.

શ્રી જૈન આત્માનંદ સભા દ્વારા પ્રકાશિત પુસ્તકોનું વેચાણ કેન્દ્ર આ આચાર્યપદ પ્રદાન પ્રસંગે શ્રી દાદાસાહેબના પટ્ટાંગણમાં ઉભુ કરવામાં આવેલ જેમાં સકલ શ્રી સંઘ દ્વારા સારો એવો સહયોગ પ્રાપ્ત થયેલ.

સમગ્ર મહોત્સવનું સુંદર આયોજન ભાવનગર શ્રી સંઘના અગ્રણીઓ તથા પ્રાર્થના જૈન યુવક મંડળના યુવાન આગેવાનો શ્રી મનીષભાઇ કનાડીયા, શ્રી ભરતભાઇ શાહ આદિ અનેક યુવાનો દ્વારા તન, મન ધનથી કરવામાં આવેલ.

---

## ચાતુર્માસ નિર્ણય

પૂજ્ય આચાર્ય શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ સાહેબ
પૂજ્ય આચાર્ય શ્રી શીલચંદ્રસૂરીજી મહારાજ સાહેબ
આદિનુ આગામી સંવત ૨૦૫૨ નુ સાતુર્માસ ભાવનગર મધ્યે,
શ્રી દાદાસાહેબ તથા શ્રી કૃષ્ણનગર જૈન દેરાસર-ઉપાશ્રયે નક્કી થયેલ છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પંજાબમાં મૂર્તિપૂજાનો જયનાદ ગજાવનાર, સંવિજ્ઞશાખાના સર્વપ્રથમ સૂરિદેવ,
ન્યાયાંભોનિધિ સુવિહિત શિરમોર, જિનાગમના જ્યોતિર્ધર
પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયાનન્દસૂરીશ્વરજી મહારાજા
( શ્રીમદ્ આત્મારામજી મહારાજા ) ના સ્વર્ગવાસદિન
જેઠ સુદ આઠમના ( ૧૯૫૨-૨૦૫૨ ) શતાબ્દી વર્ષ નિમિત્તે...

# પૂ. આત્મારામજી મહારાજાના વિરલ વ્યક્તિત્વની

## આછેરી ઝલક

ચોત્રીસ વર્ષ પૂર્વેની આ વાત છે. જેના તેજભર્યાં છતાં અમી વરસાવતા નયનો દુશ્મનોના દાવાનળને પ્રશાંત કરી શકતાં, જેની મુખાકૃતિ ઉપર સદા બ્રહ્મતેજ ગેલ કરતું, જેની વાણી સદા વિજયની વધામણીઓ માટે જ વપરાતી અને જેનું જીવનક્ષેત્ર નિસ્વાર્થ પ્રભુસેવા હતું; તે મહાપુરુષની આજથી ( વિ. સં. ૧૯૮૬ થી ) ૩૪ વર્ષ પૂર્વે જીવનલીલા સંકેલાઇ, તે દિવસે પંજાબે પોક મૂકી, ગુજરાત ગાંડુ બન્યું, કાઠીયાવાડ કરમાયું ને માળવા-મેવાડ જાણે મરવા પડ્યું. આજે ચોત્રીસ વર્ષના પડળોને ચીરીને પણ એ વાત કેટલાક ધર્મી હૈયાને છૂપા આંસુ સરાવે છે. જ્યારે ચોમેર દંભીઓની દંભલીલા વિસ્તરી રહી છે, ઇતરો તરફથી અસહ્ય આઘાતો થાય તેના કરતાં વધુ, ઘરમાં દાવાનળો ભભૂકી ઊઠ્યા છે, ત્યારે આવા એક પુણ્ય પુરુષની હાજરી પણ બસ છે, એમ યાદ કરીને જૈન જગત આજે રડી રહ્યું છે. એ મહાપુરુષ તે પાંચાલ પંચાનન, સદ્ધર્મોદ્ધારક, ન્યાયામ્ભોનિધિ પૂજ્યપાદ્ આચાર્યદેવ શ્રીમદ્ વિજયાનન્દસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજા ! આજે એ પ્રતાપી મહાપુરુષની પુણ્ય સંવત્સરી છે.

શાસનની સેવામાં એઓશ્રી શ્રીમદે જીવન સમર્પણ કર્યા બાદ, એમની જીવન ક્ષણો આપણા માટે અનુકરણીય આદર્શો સમી બની હતી. 'મારું તે સાચું, નહિ'-પરંતુ 'સાચું તે મારું' સ્વીકારવાની સરળ ને સત્યગવેષક બુદ્ધિના યોગે જ એઓશ્રી સ્થાનકવાસી પંથમાંથી નીકળી મૂર્તિપૂજક સંપ્રદાયમાં ભળ્યા. એમણે સમર્થ જ્ઞાની હોવા છતાં, ગુરુની નિશ્રા પણ સ્વીકારી અને જિનાજ્ઞાની પરવશતા તો તેઓની રગે રગે પ્રસરી ચૂકી હતી પરંતુ એવા પુણ્ય પુરુષને નામે અનેક વ્યક્તિઓ એમના પરમ વારસદારો હોવાની હદ બહારની જાહેર ખબરો ફેલાવવા છતાં, એ પુણ્ય નામને અપમાનીત કરે તેવી પ્રવૃત્તિ કરી રહેલ છે. મોટાને નામે કમાઇ ખાવાની એ ચાલબાજી છે. એ મહાપુરુષને અમેરીકામાં મળતી 'સર્વ ધર્મ પરિષદ'માં ભાગ લેવા માનભર્યું નિમંત્રણ મળ્યું. એક તરફ ધર્મ પ્રચારના સંયોગો ને બીજી તરફ સાધુતા! ધર્મ પ્રચાર કરે કે સાધુતા સાચવે? પરંતુ એ એવા સમયજ્ઞ કિંવા સમયધર્મી ન હતા, એ તો સર્વજ્ઞ ધર્મના ગુલામ હતા. એમણે જોયું કે સાધુતા વેચીને કરેલો ધર્મનો પ્રચાર એ અધર્મ પ્રચાર છે! એમાં સ્વેચ્છાચાર રહેલો છે. યાદ રહે કે આ કાંઇ ધર્મ ઉપર આક્રમણ ન હતું કે અપવાદ સેવાય! આવા મહાત્માના જીવનમાંથી જનતાને કાંઇ ને કાંઇ શીખવાનું, સમજવાનું ને જીવનમાં ઉતારવાનું મળે, એ માટે એઓશ્રીની સ્વર્ગવાસ તિથિ દર વર્ષે આ દિવસે ( જેઠ સુદ ૮ ) ઉજવાય છે. એ મહાપુરુષ પોતાના સમયમાં અદ્વિતિય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભાવક અને પરોપકારી હતા. પંજાબ અને બીજા પ્રદેશોમાં તેઓશ્રીએ પ્રભુ ધર્મનો અનોખો પ્રચાર કર્યો હતો. સેંકડોને ઉન્માર્ગે જતા બચાવ્યા હતા હજારોને સન્માર્ગમાં સ્થિર કર્યા હતા. પ્રબળ વિરોધ સામે તેઓશ્રી નીડરતાથી ઝઝૂમ્યા હતા અને મિથ્યાત્વનું ખંડન કરવામાં, રાત દિવસ લગભગ અપ્રમત્ત રહ્યા હતા. તેઓશ્રીએ રચેલા ગ્રંથો, આજના વાતાવરણમાં અપૂર્વ માર્ગદર્શક નીવડે તેમ છે, જેનો સ્વ. પૂજ્યપાદશ્રીજીના પ્રવચનમાંથી સ્પષ્ટ ખ્યાલ આવી શકે તેમ છે.

શ્રી જૈનશાસનમાં જન્મતિથિ માત્ર શ્રી તીર્થંકર દેવોની જ ઉજવાય છે. તે તારકોના ભવની ગણના પણ સમ્યક્ત્વ પ્રાપ્તિથી જ ગણાય છે માટે શતાબ્દિની ગણના જન્મ તિથિથી નહિ પણ દીક્ષા તિથિથી અથવા સ્વર્ગ તિથિથી જ કરવી જોઇએ. આવા પ્રકારની ઉજવણીમાં પણ એ મહાપુરુષના જીવનકાર્યોને એબ લાગે એવું કાંઇ કરવું ન જોઇએ, પરંતુ એમના લખેલા ગ્રંથો અને તેઓશ્રીના વાસ્તવિક જીવનનો જ પ્રચાર થવો જોઇએ.

( જૈન પ્રવચન વર્ષ–૨ તથા વર્ષ–૭ ના અંકમાંથી )

–સંપાદકીય નોંધમાંથી સંકલિત.

- 'સમય ધર્મ' ની વાતો કરનારાઓને એઓશ્રીનું જીવન બોધપાઠ રૂપ છે. જ્યારે શાસનસેવકની સત્યદશાનો અનુકરણીય ચિતાર પણ એમાંથી મળે છે !
- એ મહાપુરુષ જેમ વિદ્વાન્ હતા તેમ વિનમ્ર હતા અને જેમ સેવ્ય હતા, તેમ એમનામાં શાસન સેવકને છાજતી લાયકાત પણ હતી !

## પૂજ્યપાદ આત્મારામજી મહારાજા એટલે...

- શાસનની પ્રભાવના અને અધ્યાત્મની ઉપાસના
- પુણ્યનો પ્રભાવ અને સામર્થ્યનો પ્રતાપ
- નખશિખ ગીતાર્થતા અને હાડોહાડ ભવભીરુતા
- ધર્મમાર્ગનો જયકાર અને ઉન્માર્ગમાં સૂનકાર
- મૂર્તિપૂજાનું સમર્થન અને પ્રભુભક્તિનું સમર્પણ
- સત્ય તત્ત્વનો સ્વીકાર અને આજ્ઞાધર્મનો આધાર
- તત્ત્વનો અખંડ અભ્યાસ અને સ્વત્ત્વનો સતત્ અધ્યાસ
- આગમોનું અનુશીલન અને શાસ્ત્રગ્રંથોનું પરિશીલન
- પ્રવચનની મહાન્ શક્તિ અને કવિતામય પરમભક્તિ
- ભવ્યજનોનો નિસ્તાર અને ભક્તજનોનો ઉદ્ધાર

---

- વિક્રમ સંવત ૧૮૯૩ માં પંજાબના લહેરા-મુકામે જન્મ ધારણ કરનારા,
- વિક્રમ સંવત ૧૯૧૦ માં પંજાબના માલેર કોટલા મુકામે ઢુંઢક દીક્ષા પામનારા,
- વિક્રમ સંવત ૧૯૩૨ માં ગુજરાતના અમદાવાદ મુકામે સંવેગી દીક્ષા સ્વીકારનારા,
- વિક્રમ સંવત ૧૯૪૩ માં સૌરાષ્ટ્રના પાલીતાણા મુકામે શ્રીસંઘ દ્વારા આચાર્યપદે આરૂઢ થનારા અને
- વિક્રમ સંવત ૧૯૫૨ માં પંજાબના ગુજરાનવાલા મુકામે સમાધિમય કાળધર્મ પામનારા, મહાપ્રભાવક સૂરિદેવ શ્રી આત્મારામજી મહારાજાને અનન્ત વન્દના....

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વ. પૂ. શ્રી વિજયાનંદસૂરિશ્વરજી ( પૂ. આત્મારામજી )

## મ. સાહેબના ચાતુર્માસ

જન્મ : સંવત ૧૮૯૩ – લહેરા

સ્થાનકવાસી દીક્ષા : સંવત ૧૯૧૦ – માલેરકોટલા

| સંવત | | ચાતુર્માસ | સંવત | | ચાતુર્માસ |
|---|---|---|---|---|---|
| ૧૯૧૧ | – | સરસારાણીયા | ૧૯૩૨ | – | અમદાવાદ |
| ૧૯૧૨ | – | સરગથલા | ૧૯૩૩ | – | ભાવનગર |
| ૧૯૧૩ | – | જયપુર | ૧૯૩૪ | – | જોધપુર |
| ૧૯૧૪ | – | પાલી | ૧૯૩૫ | – | લુધીયાણા |
| ૧૯૧૫ | – | જયપુર | ૧૯૩૬ | – | ઝંડીઆલાગુરૂ |
| ૧૯૧૬ | – | રતલામ | ૧૯૩૭ | – | ગુજરાંવાલા |
| ૧૯૧૭ | – | સરગથલા | ૧૯૩૮ | – | હુંશીયારપુર |
| ૧૯૧૮ | – | દિલ્હી | ૧૯૩૯ | – | અંબાલા |
| ૧૯૧૯ | – | જીરા | ૧૯૪૦ | – | બીકાનેર |
| ૧૯૨૦ | – | આગ્રા | ૧૯૪૧ | – | અમદાવાદ |
| ૧૯૨૧ | – | કોટલા | ૧૯૪૨ | – | સુરત |
| ૧૯૨૨ | – | સરસા | ૧૯૪૩ | – | પાલીતાણા |
| ૧૯૨૩ | – | હુશીઆરપુર | ૧૯૪૪ | – | રાધનપુર |
| ૧૯૨૪ | – | બિનૌલી ( દિલ્હી પાસે ) | ૧૯૪૫ | – | મહેસાણા |
| ૧૯૨૫ | – | બડૌત | ૧૯૪૬ | – | જોધપુર |
| ૧૯૨૬ | – | માલેર કોટલા | ૧૯૪૭ | – | માલેરકોટલા |
| ૧૯૨૭ | – | બિનૌલી | ૧૯૪૮ | – | પટ્ટી ( જીલ્લો : લાહોર ) |
| ૧૯૨૮ | – | લુધીયાણા | ૧૯૪૯ | – | હુંશીયારપુર |
| ૧૯૨૯ | – | જીરા | ૧૯૫૦ | – | ઝંડીયાલાગુરૂ |
| ૧૯૩૦ | – | અંબાલા | ૧૯૫૧ | – | જીરા |
| ૧૯૩૧ | – | હુશીયારપુર | ૧૯૫૨ | – | ગુજરાંવાલામાં સ્વર્ગવાસ જેઠ શુદ–૮ |


## સ્વપ્ન અને મહેમાન....

સ્વપ્ન અને મહેમાન એ બંનેની એક સમાન ખાસીયત છે....
બેમાંથી એકેય લાંબો સમય રહેતા નથી. સુખ એ સ્વપ્ન છે, તો દુઃખ એ મહેમાન છે....
બેમાંથી એકેય લાંબો સમય રહેવાના નથી માટે વિના કારણે મનને ડામાડોળ બનાવશો નહિ....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shree Atmanand Prakash Regd. No. GBV. 31



## ચારિત્ર એજ સર્વસ્વ....

भक्तिर्माता पिता ज्ञानं चारित्रं तनयस्तयो ।
भक्तिर्हि वन्ध्या चारित्रप्रसवेन विना मता ॥

卐

* ભક્તિ માતા છે, જ્ઞાન પિતા છે અને ચારિત્ર એમનો પુત્ર છે. ચારિત્રને જન્મ ન આપે એ ભક્તિ વન્ધ્યા છે.

卐

* Worship and knowledge are the parents of good conduct. Worship if unable to give birth to good conduct, is barren.

પ્રતિ,

BOOK-POST

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઇટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : સાધના મુદ્રણાલય, દાણાપીઠ પાછળ, ભાવનગર

For Private And Personal Use Only